અપીલ અરજી નં.૮૧ તા.૯–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૭–૪–૧૧ ની અરજીથી લંબેહનુમાન રોડથી બોમ્બે માર્કેટ તરફ જવાના રસ્તા પર આવેલી દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં ડીમોલીશન થવાની તૈયારી છે. તેથી ઝુંપડાવાસીઓને મકાન ફાળવવાની બાબતમાં બાયોમેટ્રીકસ સર્વે થયેલા હોય તો પણ કેટલાક લોકોને ધકકા ખવડાવવામાં આવી રહયા છે. ભાડુત તરીકે રહેતા હોય એવા ભાડુતો માટે બાપુનગર, સુભાષનગર, અને નહેરૂનગરના ઝુંપડપટ્ટીમાં જે નિતી પ્રમાણે મકાન ફાળવેલ તે મુજબ ફાળવવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૯–૫–૧૧ ની SMC/FAP/ નં.૮૧/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૭–૪–૧૧ ની અરજીથી લંબેહનુમાન રોડથી બોમ્બે માર્કેટ તરફ જવાના રસ્તા પર આવેલી દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં ડીમોલીશન થવાની તૈયારી છે. તેથી ઝુંપડાવાસીઓને મકાન ફાળવવાની બાબતમાં બાયોમેટ્રીકસ સર્વે થયેલા હોય તો પણ કેટલાક લોકોને ધકકા ખવડાવવામાં આવી રહયા છે. ભાડુત તરીકે રહેતા હોય એવા ભાડુતો માટે બાપુનગર, સુભાષનગર, અને નહેરૂનગરના ઝુંપડપટ્ટીમાં જે નિતી પ્રમાણે મકાન ફાળવેલ તે મુજબ ફાળવવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૭ તા.૨૪–૫–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને તેમની અરજી જોતાં માહિતિ સ્પષ્ટ અને ચોકકસ જણાતી નથી તે સ્પષ્ટ કરવા સાથે વધુમાં તે પણ જણાવેલ કે કાર્યવાહી હાથ ધરવાને લગતી કે તકરાર નિવારણની બાબતે લાગત સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે તે પણ નોંધ લેવા અંગે પત્ર પાઠવવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૭–૪–૧૧ ની અરજીથી લંબેહનુમાન રોડથી બોમ્બે માર્કેટ તરફ જવાના રસ્તા પર આવેલી દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં ડીમોલીશન થવાની તૈયારી છે. તેથી ઝુંપડાવાસીઓને મકાન ફાળવવાની બાબતમાં બાયોમેટ્રીકસ સર્વે થયેલા હોય તો પણ કેટલાક લોકોને ધકકા ખવડાવવામાં આવી રહયા છે અધિકારીઓ ગરીબને મકાન મળે એમ ઈચ્છતા નથી. બાયોમેટ્રીકસ સર્વે થયેલ હોય એ વ્યકિત પાસે કોઈ પુરાવા ભાડુત પાસે ન હોય તો પણ અગાઉ થયેલ સુભાષનગર, બાપુનગર, નહેરૂનગર, પાળા પરની જમીન ઝુંપડાવાસીઓને ત્રણ પટ રકમ લઈને મકાન ફાળવી આપેલા છે એવા લેખિત પુરાવા અરજદાર પાસે છે? પરંતુ વરાછાઝોનના અધિકારી એકને ગોળ અને એકને ખોળની નિતી અપનાવે છે એની માહિતી આપો. તેવું જણાવી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને માહિતી માંગતી અરજી કરવામાં આવેલ.જે અંગે અરજદારે માંગેલ માહિતી સમય મર્યાદામાં મળેલન થી તેવું જણાવી તા.૯–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી બંને પક્ષકારોને પૂરક વિગતો માંગતો પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતો મળેલ નથી. તેમજ અરજદારે પણ અપીલ તથા મુળ અરજીમાં જોતાં માહિતી સ્પષ્ટ અને ચોકકસ જણાતી નથી તે સ્પષ્ટ કરવા જણાવવા છતાં પણ કોઈ સ્પષ્ટતા કરેલ નથી. વધુમાં અરજદારને કાર્યવાહીને હાથ ધરવાને લગતી કે તકરાર નિવારણ બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે છે તેવું પણ જણાવેલ છે. અરજદારની મુળ અરજી બાબતે જો કોઈ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી હોય તો અરજદારને પૂરી પાડવાની રહે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ નથી આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ માહિતીના ઈન્કાર અંગે અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે નીતિ વિષય સુધારાલક્ષી સૂચન કરેલ છે જે માહિતીના વ્યાપમાં પ્રથમદર્શી જણાતું નથી

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૭–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ "ધકકા ખવડાવી રહયા હોય" તે બાબત પૂરતી દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૫) હેઠળ અત્રેની જાણ હેઠળ દિન–૭ માં બીપીએલ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને જણાવવામાં આવે છે. અરજદાર મુળ અરજીમાં નિર્દિષ્ટ કાર્યવાહી હાથ ધરવાની કે તકરાર નિવારણની બાબતે લાગત સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,